ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર


# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૩ | ૩ એપ્રિલ, ૨૦૨૦, શુક્રવાર; ચૈત્ર સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# મહારાષ્ટ્રમાં કોરોનાથી હાહાકાર

**મુંબઈના ધારાવીમાં પોઝિટિવ કેસ આવતા ચિંતાનું મોજુ : બીએમસી સફાઈ કર્મી ટેસ્ટ પોઝિટિવ આવતા દહેશત ફેલાઈ : ધારાવીમાં જ એક વ્યક્તિના મોત બાદ હવે પોઝિટિવ કેસ આવ્યો : પરિવારના સભ્યો અને ૨૩ સહકર્મી ક્વોરનટાઇન કરાયા : મહારાષ્ટ્રમાં સૌથી વધુ કેસ : તંત્ર એલર્ટ**



મુંબઈ, તા. ૨

ભારે વસ્તી ધરાવનાર મુંબઈના ધારાવી વિસ્તારમાં કોરોના અસરગ્રસ્ત એક વ્યક્તિના મોત બાદ ગુરુવારના દિવસે એક અન્ય વ્યક્તિને વાયરસની અસર જોવા મળી હતી. આની સાથે જ ભારે ખળભળાટ મચી ગયો છે. કોરોનાથી મોત બાદ ધારાવીમાં વધુ એક પોઝિટિવ કેસ આવતા ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. બીએમસીમાં કામ કરનાર ૫૨ વર્ષીય સફાઈ કર્મી કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. બીએમસીના અધિકારીઓએ કહ્યું છે કે, તે વર્લીનો નિવાસી છે. સફાઈ કામ માટે ધારાવીમાં ફરજ બજાવી રહ્યો હતો. તેની સ્થિતિ હાલમાં સ્થિર બનેલી છે. તેના પરિવારના સભ્યો અને ૨૩ સહકર્મીઓને પણ ક્વોરનટાઈન કરવાની સલાહ આપવામાં આવી છે. મુંબઈના સ્લમ વિસ્તાર ધારાવીમાં કોરોના વાયરસનો બીજો કેસ સપાટી ઉપર આવ્યો છે. બીએમસીના અધિકારીઓએ કહ્યું છે કે, તે વર્લીનો નિવાસી છે. બીએમસી અધિકારીઓ તરફથી તેને સારવાર માટેની સલાહ આપી છે.

● અનુસંધાન પાના - ૭ પર

## કોરોનાથી સર્જાયેલી સ્થિતિ સંદર્ભે મુખ્યમંત્રીઓ સાથે મોદીની ચર્ચા

**આગામી થોડાક સપ્તાહ સુધી ટેસ્ટિંગ, ટ્રેસિંગ, આઈસોલેશન અને ક્વોરનટીન પર ધ્યાન આપવાની જરૂર : ધર્મગુરૂઓની સહાય લેવા મુખ્યમંત્રીઓને અપીલ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે મોદીની વિડિયો કોન્ફરન્સિંગથી ચર્ચા**

નવીદિલ્હી, તા. ૨

કોરોના વાયરસનો હાહાકાર દેશમાં પણ રહેલો છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વિડિયો કોન્ફરન્સિંગ સાથે વાતચીત કરી હતી. આ ગાળા દરમિયાન વડાપ્રધાને તમામ મુખ્યમંત્રીઓને અપીલ કરી હતી કે, હવે આગામી થોડાક સપ્તાહ સુદી ટેસ્ટિંગ, ટ્રેસિંગ, આઈસોલેશન અને ક્વોરનટીન ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. વાયરસના ફેલાવાને રોકવા માટેના તમામ પગલા સૌથી મહત્વપૂર્ણ બની ગયા છે. પોતપોતાના સમુદાયના લોકોને સોશિયલ ડિસ્ટેન્સિંગના સંદર્ભમાં ધર્મગુરુ સમજાવે અને ધાર્મિક આયોજનથી બચે તેવા પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. તમામ મુખ્યમંત્રીઓએ ધર્મગુરુઓને આ પ્રકારની અપીલ કરવી જોઈએ. પોતપોતાના ક્ષેત્રમાં ધર્મગુરુઓની મદદ આ મામલામાં લઈ શકાય છે. ધર્મગુરુ સહકાર આપે તો તમામ પ્રક્રિયા સરળરીતે આગળ વધી શકે છે. વિડિયો




કોન્ફરન્સિંગ દરમિયાન મોદીએ તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓને કહ્યું હતું કે, હવે કોરોના વાયરસના દર્દીઓ માટે અલગ અને ખાસ હોસ્પિટલોની ખાતરી કરવાની જરૂર દેખાઈ રહી છે. મોદીએ

● અનુસંધાન પાના - ૭ પર

## કોરોના સામે લડવા ભારતીય સેના એલર્ટ

**વિમાન, યુદ્ધ જહાજ એક્શન મોડમાં : સેનાના ૮૫૦૦ તબીબો પણ સેવા માટે સજ્જ**

નવી દિલ્હી, તા. ૨

દેશમાં કોરોનાનો ખતરો વધી ગયા બાદ હવે ભારતીય સેના પણ પૂર્ણરીતે એલર્ટના મોડમાં છે. કોરોના સામે જંગની આ સ્થિતિ નજીક આવી ગયા બાદ તબીબી સાથે જોડાયેલી ચીજવસ્તુઓની અવરજવર માટે હવાઈદળ પણ સંપૂર્ણપણે તૈયાર છે. યુદ્ધ જહાજો પણ કોઈપણ સ્થિતિને પહોંચી વળવા માટે તૈયાર છે. બુધવારના દિવસે સંરક્ષણમંત્રી રાજનાથસિંહે કોરોના સાથે જોડાયેલી તૈયારીઓની સમીક્ષા કરી હતી. સેનાના ૮૫૦૦ તબીબો પમ કોઈપણ પ્રકારની સ્થિતિને હાથ ધરવા માટે તૈયાર છે. સંરક્ષણ મંત્રીના આદેશ છે કે, નાગરિક વહીવટીતંત્રને તમામ પ્રકારની મદદ કરવામાં આવે. સ્થિતિને કાબૂમાં લેવા હાલમાં નાગરિક વહીવટીતંત્રના લોકો લાગેલા છે. સેનાના ૮૫૦૦ તબીબો અને સપોર્ટ સ્ટાફ પણ કોરોનાને હાથ ધરવા માટે નાગરિક વહીવટીતંત્રની મદદ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. સેના નિવૃત્ત હેલ્થ પ્રોફેશનલોની પણ મદદ લેવા માટે તૈયાર છે. એનસીસીના ૨૫૦૦૦ કેડેટ્સને પણ નાગરિક વહીવટીતંત્રની મદદ કરવા માટે તૈયાર કરવામાં આવી રહ્યા છે. સુરક્ષા બળ અભૂતપૂર્વ તૈયારીમાં છે. ડિફેન્સ પબ્લિક સેક્ટર યુનિટ જરૂરી મેડિકલ સાધનો બનાવી રહી છે. હવાઈ દળનો જમ્મુ કાશ્મીર, લડાખ, મણિપુર અને નાગાલેન્ડમાં તબીબી ચીજવસ્તુઓ પહોંચાડવા તૈયાર રાખવામાં

● અનુસંધાન પાના - ૭ પર

| ક્યાં | વિશ્વ | ભારત | ગુજરાત | ગાંધીનગર |
|---|---|---|---|---|
| કેસ | ૯,૮૦,૫૦૩ | ૨૪૭૪ | ૮૮ | ૧૧ |
| મૃત્યુ | ૫૦,૨૩૯ | ૭૦ | ૦૭ | ૦૦ |

## દેશના ખૂણે ખૂણેથી તબલીગીના ૬૦૦૦થી વધુ જમાતીની ઓળખ

**ઓળખાયેલા પૈકી ૫૦૦૦થી વધારે ક્વોરેન્ટાઇન કરાયા : ગુજરાત, તમિળનાડુ અને તેલંગણા સહિતના રાજ્યોમાં રહેલા અન્ય ૨૦૦૦ લોકોની ભાળ મેળવી લેવા યુદ્ધના ધોરણે કાર્યવાહી**

નવી દિલ્હી, તા. ૨

દિલ્હીમાં નિઝામુદીન તબલીગી જમાતના કાર્યક્રમમાં હાજરી આપનાર ૬૦૦૦થી વધારે લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. ભારતમાં કોવિડ-૧૯ના સૌથી મોટા હોટસ્પોટ તરીકે નિઝામુદીન તબલીગીની ઓળખ કરવામાં આવી છે. જુદા જુદા રાજ્યોમાંથી ઓળખી કાઢવામાં આવેલા લોકોને ક્વોરનટાઈન કરીને તેમની તપાસ કરવામાં આવી રહી છે. ગુજરાત, તમિળનાડુ, તેલંગાણા, દિલ્હી, આંધ્રપ્રદેશ, બંગાળ, અન્ય તમામ રાજ્યોમાં નિઝામુદીનની બેઠકમાં ભાગ લીધા બાદ લોકો પોતપોતાના વિસ્તારમાં પહોંચ્યા હતા. મરકઝમાં હાજરી આપનાર લોકોની ઓળખ અતિ ઝડપથી થઈ રહી છે. ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં જે નવા કેસો નોંધાયા છે તે પૈકી મોટા ભાગના કેસો તબલીગી જમાત સાથે સંબંધિત રહ્યા છે. તમામ રાજ્ય સરકારોને કેન્દ્ર સરકાર તરફથી આદેશ મળ્યા બાદ જુદી જુદી રીતે કાર્યવાહી શરૂ કરવામાં આવ્યા બાદ આ તમામ લોકોની ઓળખ કરવામાં આવી છે. જે લોકોની રાજ્યોમાં ઓળખ કરવામાં આવી છે તે પૈકી ૫૦૦૦થી વધારે લોકોને ક્વોરેન્ટાઈન કરી દેવામાં આવ્યા છે. ગુજરાત, તમિળનાડુ અને તેલંગણા સહિતના રાજ્યોમાં અન્ય ૨૦૦૦ લોકોની ઓળખ કરવાના પ્રયાસ યુદ્ધના ધોરણે જારી છે. કારણઁ કે આ લોકો કેસોની સંખ્યાને ઝડપથી વધારી શકે છે. તબલીગી જમાતની સાથે જોડાયેલા કેસો પોઝિટીવ વધારે રહ્યા છથે. ઉત્તરપ્રદેશ સરકારે આ મહિનાની શરૂઆતમાં દિલ્હીમાં આયોજિત તબલીગી જમાતના કાર્યક્રમમાં ભાગ લેનાર ૫૬૯ લોકોને ઓળખી કાઢ્યા છે. તમામને ક્વોરેન્ટાઈન કરી દેવામાં આવ્યા છે. યુપી પોલીસે ૨૧૮ વિદેશી લોકોની પણ ઓળખ કરી છે. ટ્યુરિસ્ટ વીઝા પર આ લોકો જુદા જુદા તબક્કામાં ઉત્તરપ્રદેશ પહોંચી ગયા હતા. વિદેશી લોકોને આશ્રય આપનાર લોકોની સામે પોલીસે એફઆઈઆર દાખલ કરી છે. દિલ્હીમાં પણ ૨૭૫ લોકોને ક્વોન્ટાઈન કરવામાં આવ્યા છે. દિલ્હી સહિતના રાજ્યોમાં કાર્યવાહી જારી રહી છે. ઉત્તરપ્રદેશ, આંધ્રપ્રદેશ, બિહાર, ગુજરાત, જારખંડમાંથી પણ મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. ગૃહ

● અનુસંધાન પાના - ૭ પર

### મરકઝમાંથી નિકળેલા ૪૦૦ કોરોનાગ્રસ્ત

નવીદિલ્હી, તા. ૨

દેશભરમાં કોરોના વાયરસના કેસોમાં વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકના ગાળામાં ખતરનાક વાયરસના ૩૨૮ કેસ સપાટી ઉપર આવ્યા છે અને ૧૨ લોકોના મોત થયા છે. આરોગ્ય મંત્રાલય તરફથી આજે જણાવવામાં આવ્યું હતું કે, નિઝામુદીનના મરકઝમાંથી નિકળેલા ૪૦૦ લોકો કોરોના અસરગ્રસ્ત આવ્યા છે. તબલીગી જમાત સાથે જોડાયેલા લોકો પૈકી ૧૮૦૪ લોકોને ક્વોરનટાઈન કરવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગની ટીમો સ્થિતિ પર નજર રાખી રહી છે. સ્થિતિ ખરાબ ન થાય તે માટે પણ વિશેષ કાળજી રાખવામાં આવી રહી છે.

## દેશમાં કોરોના પોઝીટીવ કેસોનો આંકડો ૨૪૭૪ : ૭૦ મોત

**સૌથી વધુ સંક્રમણના કેસો મહારાષ્ટ્રમાં ૩૦૦ને પાર : મરકજથી કાઢવામાં આવેલા ૫૩૬ લોકો દિલ્હીની હોસ્પિટલમાં દાખલ, ૧૮૧૦ ક્વોરિન્ટાઈન કરાયા : એર ઈન્ડિયાએ નિવૃત્તિ બાદ ફરી ભરતી કરાયેલા ૨૦૦ પાયલટનો કરાર રદ્દ કર્યો**

ન્યુ દિલ્હી,તા.૨

દુનિયાની સાથે સાથે દેશમાં પણ કોરોના પોઝિટિવ કેસોની સંખ્યામાં હવે ઝડપથી વધારો થઈ રહ્યો છે. કેસ અને મોતનો આંકડો ભારતમાં પણ વધી રહ્યો છે. આજે સવારે છેલ્લા સમાચાર મળ્યા ત્યારે કેસોની સંખ્યા ભારતમાં કેટલાક નવા કેસોની સાથે વધીને ૨૪૭૪ સુધી પહોંચી ગઈ હતી. જ્યારે મોતનો આંકડો વધીને ૭૦ ઉપર પહોંચી ગયો છે. ભારતમાં ૩૦ રાજ્યોમાં કોરોના વાયરસની અસર જોવા મળી રહી છે. કેરળ અને મહારાષ્ટ્ સૌથી વધારે પ્રભાવિત છે. આ ઉપરાંત ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ તેમજ જમ્મુ કાશ્મીર અને તમિળનાડુ પણ સૌથી



વધારે અસરગ્રસ્ત વિસ્તારોમાં રહેલા રાજ્યોમાં સામેલ છે. કર્ણાટકમાં પણ કેસોની સંખ્યા ૧૦૦થી ઉપર પહોંચી ગઈ છે. ૨૧ દિવસના લોકડાઉનના ગાળાનો દોર કઠોર રીતે હાલમાં દેશમાં અમલી છે. કેસોની સંખ્યા અને મોતનો આંકડો ચિંતાજનક રીતે

● અનુસંધાન પાના - ૭ પર

## છેલ્લે... છેલ્લે...

- પદ્મશ્રી જ્ઞાનસિંહ ખાલસાનું અમૃતસર ખાતે કોરોના વાયરસથી નિધન.
- ઇન્દોર ખાતે હેલ્થ સર્વેક્ષણ કરી રહેલ સર્વે ટીમ પર હિંચકારો હુમલો થતાં દેશભરમાં ચર્ચા.
- સુરત પોલીસ કમિશનર સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે તબલીગી જમાતમાં સુરતના એક જ જમાતી જોડાયા હતા. બાકી ૭૧ વેપારીઓ હતા.
- વિશ્વમાં સૌથી વધુ કોરોના કેસ ચિંતાજનક યાદી

| | |
|---|---|
| અમેરિકા | ૨,૨૬,૩૭૮ |
| ઈટાલી | ૧,૧૫,૨૪૨ |
| સ્પેન | ૧,૧૦,૨૩૮ |
| જર્મની | ૮૧,૭૨૮ |
| ચીન | ૮૧,૫૮૯ |

- દેશમાં સૌથી વધારે કેસ ધરાવતા રાજ્યોની યાદી

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૪૧૬ |
| તામિલનાડુ | ૩૦૯ |
| દિલ્લી | ૨૯૩ |
| કેરલ | ૨૮૬ |
| આંધ્ર | ૧૪૩ |
| રાજસ્થાન | ૧૩૩ |
| તેલંગાણા | ૧૨૭ |
| કર્ણાટક | ૧૨૧ |
| ઉત્તરપ્રદેશ | ૧૨૧ |
| મધ્યપ્રદેશ | ૧૦૦ |

- એઇમ્સના ડાયરેક્ટરને કોરોના પોઝિટીવ આવતા તંત્રમાં ચિંતા. દિલ્લીના ૭ ડોક્ટરોનો પોઝિટીવ રિપોર્ટ.
- પ્રધાનમંત્રીએ મુખ્યમંત્રીઓનો લોકડાઉનનો કડક અમલ કરાવવા તાકિદ કરી.
- ૧૪મી એપ્રિલથી રેલવે બુકિંગ શરૂ થશે એવા સોશિયલ મિડીયાના સમાચારોને રેલવે મંત્રાલયે રદિયો આપ્યો છે કે આવી કોઈ જાહેરાત રેલવે તરફથી કરાઈ નથી.
- સોનિયા ગાંધીએ લોકડાઉન મામલે સરકાર સામે આયોજન વિના લોકડાઉનનો અમલ કર્યો છે.

## મોદી આજે વિડિયો સંદેશ દ્વારા ખુબ ઉપયોગી માહિતી આપશે

**કોરોના સંકટની વચ્ચે મોદી બે વાર રાષ્ટ્રને સંબોધન કરી ચુક્યા છે : નવો સંદેશો શું રહેશે તેને લઇને લોકોમાં ઉત્તેજના**

નવી દિલ્હી, તા. ૨

દેશભરમાં લોકડાઉનના નવમાં દિવસે પણ કઠોર ધારાધોરણો યથાવતરીતે અમલી રહ્યા હતા. જીવન જરૂરી ચીજવસ્તુઓ સિવાય અન્ય ચીજવસ્તુઓ ઉપર નિયંત્રણ રાખવામાં આવ્યા હતા. લોકોની અવરજવર પણ લોકડાઉન વચ્ચે નહીવત રહી હતી. જીવન જરૂરી ચીજવસ્તુઓનો પુરવઠો લોકોને સામાન્યરીતે મળે તેવા પ્રયાસ કરવામાં આવ્યા હતા. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા જારી કરવામાં આવેલા દિશા નિર્દેશોને પણ ચુસ્તરીતે પાળવામાં આવ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવે આવતીકાલે સવારે ૯ વાગે દેશના લોકોને એક વિડિયો સંદેશ કરનાર છે જેમાં કેટલાક સૂચનો પણ કરવામાં આવનાર છે. દેશમાં જારી કોરોના સંકટ દરમિયાન મોદી આ પહેલા બે વખત રાષ્ટ્રના લોકોને સંબોધન કરી ચુક્યા છે. હવે આવતીકાલે સવારે નવ વાગે દેશના લોકોને એક વિડિયો સંદેશ જારી કરનાર છે. આ વિડિયો સંદેશને લઈને પણ ઉત્તેજના વધી ગઈ છે. વિડિયો સંદેશ આપવાની માહિતી વડાપ્રધાન મોદીએ પોતે આપી છે. આ વિડિયો મેસેજ કેવો રહેશે તેને લઈને અટકળોનો દોર શરૂ થયો છે.

## વિશ્વના ૨૦૩ દેશો કોરોનાથી ત્રાહીમામ

**કોરોનાથી દુનિયાભરમાં મૃતાંક ૪૭૨૪૯ : અમેરિકા, ઇટાલી, સ્પેન તેમજ જર્મનીમાં સ્થિતી હજુ પણ ચિંતાજનક : ચીન સહિત કેટલાક દેશોમાં સ્થિતીમાં સુધારો : હજુ વ્યાપક સ્તર ઉપર કામો જારી**

નવી દિલ્હી, તા. ૨

કોરોના વાયરસના કારણે સ્થિતી દિન પ્રતિદિન દુનિયાના દેશોમાં બેકાબુ બની રહી છે. દુનિયાના ૨૦૩ દેશોમાં કોરોના વાયરસના કારણે લોકો હવે ત્રાહીમામ પોકારી ગયા છે. મોતનો આંકડો સતત વધી રહ્યો છે. દુનિયામાં કોરોના કારણે સત્તાવાર રીતે ૪૭૨૪૯ લોકોના મોત થઈ ચુક્યા છે. જ્યારે કેસોની સંખ્યા હવે બે લાખની નજકી પહોંચી ગઈ છે. અમેરિકા, ઈટાલી, સ્પેન સહિતના દેશોમાં સ્થિતી વણસી ગઈ છે. જ્યારે ચીન, દક્ષિણ કોરિયા અને જાપાન સહિતના દેશોમાં સ્થિતી હળવી કરવામાં આવી રહી છે. યુરોપમાં ઈટાલી બાદ હવે સ્પેન અમે અમેરિકા પણ ભારે મુશ્કેલી છે. સ્પેનમાં હવે ચીન કરતા વધારે કેસો થઈ ચુક્યા છે.




આવી સ્થિતીમાં લોકડાઉનના નિયમોને વધારે કઠોર કરવામાં આવી રહ્યા છે. સૌથી અસરગ્રસ્ત દેશોમાં અમેરિકા, ઈટાલી, ચીન, ફ્રાન્સ અને જર્મનીનો સમાવેશ થાય છે. દરરોજ કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. ગંભીર રીતે બિમારીના સકંજામાં રહેલા લોકોની સંખ્યા હજારોમાં છે.જે કુલ કેસોના ૨૧ ટકા જેટલી છે. વાયરસને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગ પર કાબુ લેવામાં સફળતા હાથ લાગી રહી નથી. ભારે હાહાકાર જારી છે. મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. ચીનમાં સ્થિતી ધીમે ધીમે કાબુમાં આવી રહી છે. ચીનમાં નવા કેસો અને મોતનો આંકડો ઝડપથી ઘટી રહ્યો છે. જે સંકેત આપે છે કે ચીનમાં કોરોના પર અંકુશ મુકવામાં હવે સફળતા મળી રહી છે. જે ત્યાંના લોકો માટે મોટી રાહતની બાબત છે. કોરોના વાયરસના કારણે ચીનમાં જે વિસ્તારો સૌથી અસરગ્રસ્ત થયા છે તેમાં હુઆગાંગ, એઝાઓ, ચીબી, શિઆતાઓ, ઝિજિયાંગ, છિનજિઆંગ, લિચુઆન અને વુહાનનો સમાવેશ થાય છે.